


## સલામી સવારની..

*જો કોઈ આરટીઆઈમાં માહિતી માગે છે -*
*તો કૌભાંડી શ્રીફળ નહીં 'સોપારી' દાગે છે -*
*ગોળ-અધૂરા જવાબે સ્રોતથી મળે મોત -*
*છૂપાવે સત્ય સરકાર, ગુંડાથી ભાગે છે...*
*(RTIને 'બારમું' બેઠું)*

હાઈકુ

*લોકશાહીમાં -*
*પૂંછ પટાવા હક,*
*સત્તા કેન્દ્રસ્થ!*
*(બોર્ડ-નિગમનું લોલીપોપ)*

*ગૌ રક્ષકો તો -*
*નોંધારાં પશુ પ્રેમી,*
*ધારા થી પર!!*
*(ઉપદ્રવી ન કહો)*

## ચિંતન

### *વિષયામૃતશકરો જિહ્વા*

ચાણક્ય સૂત્રમાંથી ઉપરોક્ત શ્લોક લેવાયેલ છે.

જીભ જ વિષ અને અમૃતની ખાણ છે. જે શબ્દો ઉચ્ચારવાથી કોઈના હૃદયને દુઃખ પહોંચે એ શબ્દો ને 'વિષ' કહે છે અને જે શબ્દો સાંભળવાથી પોતાનું દુઃખ વિસરી જવાય એ શબ્દોને 'અમૃત' કહે છે. આથી પોતાની જીભને, પોતાની વાણીને અમૃતતુલ્ય અને વિષતુલ્ય બનાવવી એ વ્યક્તિના પોતાના હાથમાં છે.

ઘણીવાર કહેવામાં આવે છે આ વ્યક્તિનો સ્વભાવ સારો આ વ્યક્તિનો ખરાબ છે. ઘણીવાર આપણી મુશ્કેલી-દુઃખ વિશે પણ આપણે અન્યના દોષ-સ્વભાવ પર દોષારોપણ કરીએ છીએ. પણ સત્ય હકીકત એ છે કે બધી બાબતો - સુખ-દુઃખ, આનંદ-કષ્ટ-કલેશ બધામાં જો મુખ્ય પાત્ર કહો કે ખલનાયક કહો એ આપણી પોતાની જીભ જ છે.

વિનય-વિવેક-વિચારપૂર્વક-સંયમિત વાણી બોલતી જીભ પોતાની આસપાસ સ્વર્ગ ઊભું કરે છે, નિંદા - કટુવાણી બોલથી જીભ પોતાની આસપાસ 'નરક' ઊભું કરે છે.

## સુવિચાર

- પ્રેમ અને શંકા બંને એક સાથે હૃદયમાં રહી શકે નહીં - **ખલિલ જિબ્રાન**
- કરુણા એ માણસના હૃદયમાં પડેલો પ્રભુનો પડછાયો છે - **અખંડ આનંદ**
- ભ્રમમાં અને સ્વપ્નમાં રહેનારા માણસો દુઃખને સુખ તરીકે ઓળખે છે અને ઓળખાવે છે - **પૂજ્ય મોટા**
- સત્ય બોલવામાં સંયમ રાખવો એ દંભનો જ એક પ્રકાર છે - **સત્યસૂત્ર**
- ચારિત્ર્ય વૃક્ષ છે, પ્રતિષ્ઠા તેની છાયા છે - **સંસ્કાર સૂત્ર**
- ગરીબી એ કામચલાઉ દોષ છે ભરચક સંપત્તિ કાયમી બિમારી છે - **નવનીત**
- અસત્યનો જવાબ ન વાળવો એ જ સારામાં સારો રસ્તો છે, એને ખોરાક ન મળે એટલે એ આપોઆપ મરી જાય છે - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : પીપરી મૂળનું ચૂર્ણ મધ સાથે લેવાથી તરત ઊંઘ આવે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

દરેક વ્યક્તિમાં, સ્વભાવમાં કે શારીરિક રીતે કંઈક ખોડ-દોષ તો હોય જ છે એનો હિંમતથી સ્વીકાર કરી જીવવાની અને તેની સામે લડવાની ટેવ પાડવી જોઈએ - એજ સાચો વીરયોદ્ધો છે.

ઓલિવર ક્રોમવેલ એક મહાવીર યોદ્ધા હતો. એક પ્રખ્યાત ચિત્રકાર આવા વીરપુરુષોનાં જ ચિત્રો બનાવતો. એ ઓલિવર પાસે ગયો અને ચિત્ર બનાવવાની ઑફર કરી. ઓલિવર કહે - મારું હૂબહૂ ચિત્ર બનશે તો જ હું તમને પુરસ્કાર આપીશ! શરત સ્વીકારી ચિત્રકારે ચિત્ર કર્યું.

ચિત્ર ખરેખર સારું થયું હતું પણ ઓલિવર ક્રોમવેલના ચહેરા પર - નાક પાસે એક મોટો કાળો મસો હતો જેને કારણે ઓલિવર ખૂબ બેડોળ દેખાતો હતો. ચિત્રકારે એ ચિત્રમાં એ મસો દર્શાવ્યો ન હતો.

ઓલિવરે કહ્યું, આ ચિત્ર મારું નથી. સારું ભલે હોય!

ચિત્રકારે 'મસો દર્શાવી - ચિત્ર ફરી રજૂ કર્યું.

ઓલિવર ખૂશ થયા અને પુરસ્કાર આપતાં કહ્યું, 'મિત્ર! મને મારી બૂરાઈઓ જોવાનો અભ્યાસ છે જ જો હું એનાથી ડરતો-બચતો રહેત તો આજે એક વીર યોદ્ધાના સ્થાને પહોંચ્યો છું ત્યાં ન પહોંચત!'

આપણા દોષ-કમીઓ-કમજોરીઓને ઓળખી તેની સામે લડનાર જ સાચો વીર-યોદ્ધા છે.

# જયલલિતાની રહસ્યમયી બીમારી

**તંત્રીસ્થાનેથી...**

તમિલનાડુ એ દક્ષિણ ભારતનું સૌથી મોટું અને મહત્ત્વનું રાજય છે. વળી સાંસ્કૃતિક ભિન્નતાના મુદ્દે એ બાકીના દેશ કરતાં નોખું સ્વરુપ ધરાવે છે. દ્રાવિડ સંસ્કૃતિના કેન્દ્ર સમું તમિલનાડું દેશનાં સંવેદનશીલ રાજયોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. કોંગ્રેસ જેવા સર્વમાન્ય રાષ્ટ્રીય પક્ષ સાથે આઝાદીની ચળવળમાં તમિલનાડુના નેતા ચક્રવર્તી રાજગોપાલાચારીએ અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેઓએ માઉન્ટ બેટન પછી દેશના પ્રથમ ગવર્નર જનરલ બન્યા હતા. રાષ્ટ્રભાષા તરીકે તેઓ હિંદીના હિમાયતી હતા. નહેરુ-સરદાર સાથે મતભેદ ધરાવતા આ વરિષ્ઠ નેતા ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા. ગાંધીજીના એક પુત્રનાં લગ્ન રાજાજીની પુત્રી સાથે થયાં હતાં. જાણીતા પત્રકાર રાજમોહન ગાંધી અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજયપાલ ગોપાલકૃષ્ણ ગાંધી બેઉ મહાન રાષ્ટ્રપુરુષોના સીધી લીટીના વારસદારો છે. પરંતુ આઝાદી પછી તમિલનાડુમાં દ્રવિડ ચળવળે ઉપાડો લીધો. પેરિયારના પ્રભાવ હેઠળ શરુ થયેલી આ ચળવળને પરિણામે દ્રવિડ મુનેત્ર કળગમ જેવી પ્રાદેશિક પાર્ટી અસ્તિત્વમાં આવી. આગળ જતાં એમાં પણ અન્ના દુરાઈના નામ સાથે જોડાયેલ અન્ના ડીએમકે નામનો ફાંટો પડ્યો. અત્યારે તમિલનાડુમાં અન્નાડીએમકેનાં સર્વેસર્વા અને અત્યંત લોકપ્રિય મહિલા નેત્રી જયલલિતા જયરામ મુખ્યમંત્રી તરીકે કાર્યરત છે. સામાન્ય રીતે આ પ્રદેશમાં દર પાંચ વર્ષે ડીએમકે અને અન્ના ડીએમકે વારાફરતી સત્તામાં આવતા રહ્યા છે, પણ છેલ્લે જયલલિતા સતત બીજી વાર સત્તામાં આવ્યા તે એમની કરિશ્માનું પ્રમાણ છે. ડીએમકેના સર્વોચ્ચ નેતા છે. એમ. કરૂણાનિધિ વૃદ્ધ થઈ ગયા છે અને એમની પાર્ટી ઉત્તરપ્રદેશના 'નેતાજી' મુલાયમસિંહની પાર્ટીની જેમ કૌટુંબિક પાર્ટી બની ગઈ છે. તેથી સ્વાભાવિક રીતે જ અપરિણીત પૂર્વ અભિનેત્રી અને અને પૂર્વ મુખ્યમંત્રી એમ.જી.રામચંદ્રનનાં હૃદયસ્વામિની એવાં જયલલિતા પર તમિલનાડુની પ્રજાને વધુ ભરોસો છે. જયલલિતાનું રાજકારણ ઈંદિરા ગાંધી જેવું છે. એમના તમામ નેતાઓ અને તમિલનાડુની પ્રજા એમને 'અમ્મા'કહી પગે પડે છે. અનેક આરોપો અને જેલવાસ પછી પણ જયલલિતા પ્રત્યેની તમિલ પ્રજાની શ્રદ્ધામાં આંચ આવી નથી. કેન્દ્ર સાથે જયલલિતા ગણતરિપૂર્વકના સંબંધો રાખતાં આવ્યા છે. વાજપેયીને છેલ્લી મિનિટ સુધી ટેકાનો પત્ર પાઠવવાનું વચન આપી ફરી જવાનો રેકોર્ડ ધરાવતાં જયલલિતા કોંગ્રેસમાં મહિલા અધ્યક્ષતાનાં કટ્ટર વિરોધી હોઈ સ્વાભાવિક રીતે જ અત્યારે કેન્દ્રની ગુડબુકમાં છે. પોતે એટલા મહત્ત્વાકાંક્ષી છે કે વડાપ્રધાનપદની રેસમાં વારંવાર એમનું નામ ઊછળતું રહ્યું છે, પણ રાષ્ટ્રીય પક્ષો સાથે જોડાણ કરવામાં શ્રેય સમજતી અન્ય પ્રાદેશિક પાર્ટીઓ એમને સલામત અંતરે જ રાખતી રહી હોઈ તેઓ એ લાંબી છલાંગ ભરી શક્યાં નથી. આજકાલ એમની ગંભીર બીમારી તમિલનાડુ માટે જ નહીં બલકે દેશ માટે કોયડારૂપ બની રહી છે. ઘણા લાંબા સમયથી તેઓ સઘન સારવાર હેઠળ ચેન્નાઈની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે અને એ મુદ્દે અદાલત સુધ્ધાંએ નોંધ લેવી પડી છે. બીમારી ગોપનીય રાખવાની પરંપરા રાજકારણીઓ માટે નવી નથી. સોનિયા ગાંધી કેન્સરની સારવાર લેવા અમેરિકા જઈ આવ્યાં, તે બાબત ઘણા વખત પછી જાહેર થઈ હતી, જો કે હજુ સુધી એની આધિકારિક પુષ્ટિ કરવાનું પાર્ટીને જરુરી નથી લાગ્યું. જયલલિતાના ઘડવૈયા - 'મેન્ટર' - એમજીઆર લકવાયેલી હાલતમાં વર્ષો સુધી મુખ્યમંત્રીપદની જવાબદારી સંભાળતા રહ્યા હતા. જયલલિતાનું તમામ ખાતા રાજયપાલશ્રીએ એમના વિશ્વાસુ નંબર ટુ પનીર સેલ્વમને સોંપીને કરવા જેવું કામ કર્યું છે. પનીર સેલ્વમને જયલલિતાના જેલવાસ દરમિયાન મુખ્યમંત્રી પદ સોંપવામાં આવેલું તે સૂચક છે. આશા રાખીએ કે પાવરફુલ મહિલા નેતા જલદી સ્વસ્થ થઈ એમની જવાબદારી સંભાળી લે.

# સત્યમેવ જયતે




ગમે તેટલી આકરી તાવણીમાંથી પસાર થવું પડે, અંતે અને આખરે વિજય સત્યનો જ છે - અસત્યનો ક્યારેક પણ નહિં. ઉપનિષદનું વાક્ય છે - સત્યમેવ જયતે, નાનૃતમ્ - ભારતનો રાજકીય મુદ્રાલેખ છે - સત્યમેવ જયતે.

બે ઋષિઓ વિવાદે ચડ્યા; વિશ્વામિત્ર એ કહ્યું - 'કેવળ સત્યનું પાલન શક્ય જ નથી.' વસિષ્ઠે કહ્યું, 'શક્ય છે, હરિચંદ્ર આનું ઉદાહરણ છે.' વિશ્વામિત્રે કહ્યં, 'હું ખાતરી કરું. પછી સ્વીકારું.'

અયોધ્યાના સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્ર માત્ર સત્યપાલન માટે જ નહિ, દાનવૃત્તિ માટે પણ જાણીતા હતા. સત્યપાલન અને દાનવૃત્તિમાં સહકાર આપે એવી ગુણિયલ એની રાણી તારામતી હતી. બંનેને સુશીલ બાળક રોહિત હતો.

રાજાએ એકવાર યજ્ઞ પૂરો કર્યો એના ભાગરૂપે દક્ષિણા આપવાની હતી. વિશ્વામિત્ર હાજર થઈ ગયા. એક પછી એક માગતા હતા. સમગ્ર ધનસંપત્તિ, રાજવૈભવ અને રાજય. રાજા સાવ અકિંચન નિર્ધન થઈ ગયા. હવે વિશ્વામિત્રએ એક હજાર સોનામહોર માગી. રાજાએ કહ્યું, 'મને એક મહિનાનો સમય આપો.' વિશ્વામિત્રે સંમતિ આપી.

હરિશ્ચંદ્ર, તારામરી અને રોહિત રાજય છોડીને નીકળી ગયા. એમનો રઝળપાટ શરુ થઈ ગયો. અયોધ્યાની એક રાણી સીતાએ સહધર્મ નિભાવ્યો, બીજી તારામતી એ એક મહિનો પસાર થયો, છેલ્લો દિવસ હતો. કોઈ રીતે મેળ પડતો ન હતો. વચનપાલન અંગે ચિંતાતુર હતો.

અંતે તેઓ વારાણસીમાં પ્રવેશ્યા. કોઈ અહીં તેમને ઓળખતું ન હતું.


હરિશ્ચંદ્રને ઓચિંતો વિચાર ઝબક્યો. એણે છેલ્લો ઉપાય અજમાવ્યો.

ભરબજારે તેઓ પોતાની જાતને વેચવા નીકળ્યા. હરિશ્ચંદ્ર મોરે એવાજે બોલે - 'કોઈને મજૂર ખરીદવો છે?' તારામતી બોલે - 'કોઈને દાસી ખરીદવી છે?' એવામાં ગુણશર્મા નામે બ્રાહ્મણ આવ્યો, તે સંસ્કારી હતો. તેને ઘર-કામ માટે જરુર હતી. તેણે હરિશ્ચંદ્રને પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું, આ લે પાંચસો સોનામહોર, એ આ સ્ત્રી માટે. આ બાળક એને મદદ કરે. એની અઢીસો સોનામહોર.' ગુણ શર્માએ હરિશ્ચંદ્રને સોનામહર આપી, તારામતી એને સ્મશાનમાં અગ્નિદાહ માટે લઈ આવી. હરિશ્ચંદ્રે કહ્યું, 'અહીં નિયમ છે. પહેલા પૈસા લઈને પછી દાહ.' તારામતી પાસે તો કશું ન હતું. એણે પોતાની અર્ધી સાડી ફાડીને આપી દેવા તૈયારી બતાવી.

એ સાડી ફાટવાની શરુ કરે એ પહેલાં વિશ્વામિત્ર પ્રગટ થયા. ખૂબ પ્રસન્ન થયા. બંનેને છોડાવ્યા. લીધું હથું તે બધું પરત કર્યું. રોહિતનો પુનર્જીવન આપ્યું. 'જય - સત્યનો જ.'

# નવરાત્રીની શરદી...

## ઉજાગરાને લીધે વાઈરલ ઈન્ફેંકશન લોકોને ખુબ થયા




વાહ ભાઈ વાહ...બોલો શ્રી અંબે માતની જય, વેલેટ પાર્કિંગની સુવિધા સાથે ગાંધીનગરના નગરજનો એ ગાંધીનગર કલ્ચર ફોરમની નવરાત્રી ખુબ જ માણી.

કેતન ભાઈ બોલ્યા ગાંધીનગર કલ્ચર ફોરમમાં આખું ગાંધીનગર જાણે ઉમટ્યું હતું. એટલી બધી ભીડ ખાલી ૧૨૦૦૦ ખુરશી ઓ જામ પેક ગરબા ગાવાના ગ્રાઉન્ડમાં એક ઈંચ ની પણ જગ્યા નહિ. ગરબા ગાવા તો કઈ રીતે ગાવા? ભીડ-ભીડ ના ભડાકા કેમ ગાંધીનગર કલ્ચર ફોરમ વાળા એ આટલી બધી ભીડ ભેગી કરી હશે ? કેતકીબેન બોલ્યા ભાઈ જ્યાં સારું હોય,સુરક્ષા હોય ત્યાં લોકો જાય,જ્યાં બેસવાની મોકળાશ હોય, ગરબા ગાવાની મોકળાશ હોય. ત્યાં લોકો જાય બહુ સાદી અને સરળ વાત,પણ કેતકી એટલી બધી ભીડ જમા કરી ને શું ફાયદો? ના કરે માતાજી અને કઈક થઈ ગયું તો?કેતકી એ કહ્યું, કેતન જ્યાં માતાજીની હાજરી સતત વર્તાતી હોય ત્યાં કશુ જ ના બને એવું આયોજકો પણ બોલતા હતા બાકી તો ૧૫-૨૦ હજારની મેદનીને કંટ્રોલ કરવી ખુબ અઘરી છે એ માતાજી જ કરી શકે. પણ કેતન મને એ સમજાતું નથી તન તંદુરસ્તી જેવા વિષયમાં આવી બધી વાતો શું કરવા કરતા હશે. કેતન ભાઈ બોલ્યા, કેતકી મેડીકલના વિષય જરા અઘરા હોય છે એને મિકસ કરીને દાખલા આપીને કહેવામાં આવે તો સમજવામાં શીરાની જેમ ઉતરી જાય.નહિ તો મેડીકલ ની વાતો લખવી અને સમજવી ખુબજ અઘરી હોય છે જેને કહેવાય કે ગમ્મત સાથે જ્ઞાન પીરસવામાં વધારે મજા આવે છે. છોકરીઓ, બહેનો, ભાઈઓ એ ગરબા ગઈ ને દશે દશ દિવસ આંઠ વાગ્યાથી બાર વાગ્યા સુધી ગરબા ગઈ ને આરાધના કરી માતાજી એ આ વર્ષે આયોજકો તથા આરાધના કરતા બાળકો બહેનો અને ભાઈઓની પરીક્ષા પણ કરી વચ્ચે બે દિવસ બરાબર વરસાદ પાડીને બધા ના જીવ ઊંચા કરી નાખ્યા છતાં પણ સાધના કરતા છોકરાં - છોકરીઓ એ ચાલુ વરસાદે પણ ગરબા ગઈ ને માતાજી ની આરાધના કરી.પણ કેતન અત્યારે તો ડેન્ગ્યુ, ચીકન ગુનિયા, મેલેરિયા અને વાઈરલ ફીવર કાળો કેર વર્તાવી રહ્યો છે એ પરિસ્થિતિમાં અસંખ્ય લોકો ફસાયેલા હતા. દરેક તકલીફમાં હતા છતાં પણ લોકો એ ગરબા ગઈ ને આનંદ મેળવ્યો અને માતાજીની ભક્તિ કરી. કેતનભાઈ એ કહ્યું, કેતકી આ વર્ષે આટલા બધા રોગચાળાની સાથે વરસાદ અને ગરમી ને લીધે અને રોજ ઉજાગરા ને લીધે લોકો ને વાઈરલ ઈન્ફેંકશન લોકોને ખુબ થયા.

શરદી, ઉધરસ અને તાવના લીધે ઘણા માણસો તકલીફમાં હતા. જેને પૂછો તેને શરદી, તાવ, કફ થી પીડાતા હતા છતાં પણ લોકોનો ઉત્સાહ જરા પણ ઓછો નહતો થયો. લોકો પેરાસીટામોલની ગોળી ખાઈને પણ ગરબામાં આવતા, આપણી બાજુમાં રહેતી શીતલ જેને તાવ અને ઉધરસ બંને હતા. નાકમાંથી પાણી પડતું, આંખોમાંથી પાણી પડતું ,હાથ પગ તૂટતા પણ આંઠ વાગ્યા ને આરતી થતા જ તેનામા એક નવી શક્તિનો સંચાર થતો અને ૮:૩૦ થી ૧૨ વાગ્યા સુધી દસે દસ દિવસ ગરબે રમતી અને મેગા ફાઈનલમાં સરસ મજાના ઈનામ લઈ આવી. કેતકી બોલી, કેતન આટલી બધી તબિયત ખરાબ હોવા છતાં શીતલ કેવી રીતે ઈનામ લઈ આવી. કેતન ભાઈ બોલ્યા - કેતકી એ જ માતાજીની શક્તિ છે નવરાત્રીના દીવસોમાં માતાજી નવી શક્તિ ,નવો જોશ, નવો ઉત્સાહ જેણે આરાધના કરવી તેને વરદાનમાં આપે છે. નવરાત્રી પછી શીતલ છેલ્લા બે દિવસથી ઉભી નથી થઈ. મને તો એજ ખબર નથી પડતી જે શીતલ ઉછળીને ગરબા ગાતિ હતી. એ અત્યારે પાણીનો ગ્લાસ પણ ઉચકી શકતી નથી આને શું કહેવાય? આને જ માતાજીની શક્તિ કહેવાય. માતાજીનુ પર્વ એ નવરાત્રી મહોત્સવ પર્વ, જેમાં લોકો ખીલે છે અને માતાજીની ભક્તિ કરે છે. અરે કેતન શું વાત કરે છે? માતાજીની આરાધના કરવા અથવા તો પોતાની માનેલી બાધા પૂરી કરવા લોકો ચાલુ વરસાદમાં પણ ચાલતા એકલા અથવા તો સંઘ સાથે અંબાજી પદ યાત્રા એ જાય છે. એમાં તકલીફ નહિ પડતી હોય ?કેવું ગજબ કહેવાય. બાજુમાં રહેતા મનસુખ ભાઈ ચાલતા અંબાજી જવા માટે સંઘમાં જોડાયા.

કેતકી લાખોની સંખ્યામાં લોકો અંબાજી ની યાત્રા કરે છે બધા કઈ ગાંડા હશે? અઠવાડિયામાં ૧૭૦ કીમી અંતર કાપી ચાલતા ચાલતા અંબાજીના દર્શન કરવા એ ખુબ જ મોટી વાત છે રસ્તામાં વરસાદ પડે ખાવા પીવાની સગવડ નહિ શરીરમાં થાક હોય છતાં પણ... બોલ મારી અંબે જય જય અંબે... બોલતા બોલતા અંતર જાણે થોડાક જ સમયમાં કાપી નાખ્યું હોય તેવું લાગે આંને શું કહેવાય? માતાજીની શક્તિ કહી શકાય. આખી દુનિયામાં આ રીતે માતાજીની ભક્તિ કરવી એ એક નવીનતા છે. મનસુખ ભાઈને તો ખુબ થયું - અરે કેતન ખુબ થયું એટલે શું થયુ અરે, કેતકી મનસુખભાઈ રસ્તામાં કોઈ કારણસર પડી ગયા,એમના ઘૂંટણમાં અસહ્ય દુખાવો હતો. ગાંધીનગર આવ્યા પછી હાડકાના ડૉકટરને બતાવ્યું કે તમારા ઘૂંટણમાં પડી જવાના હિસાબે ઈન્ફેંશન થયું છે. તેમાં પરુ ભરાઈ ગયું છે તમારા ઘૂંટણ ને ઓપરેશન કરી જોઈન્ટ સાફ કરી બે દિવસ હોસ્પિટલમાં રાખી પછી રજા આપી છતાં પણ મનસુખભાઈ કહે છે માની જેવી ઈચ્છા પણ મને ચાલતા કોઈ તકલીફના પડી. માતાજીના દિલથી દર્શન કર્યા. આ શરીર માતાજી એ જ આપ્યું છે અને માતાજી ને રાજી કરવા માટે આ શરીર આખું લઈ લે તોય મને ચિંતા નથી. કેતકી આ કેવી ભક્તિ કહેવાય આને ભક્તિ કહેવી કે ગાંડપણ કહેવાય?કેતકી ભક્તિ અને ગાંડપણ એક બીજાના પર્યાય છે જ્યાં ભક્તિ હોય ત્યાં ગાંડપણ હોય તે લોકોની નજર માં ગાંડપણ દેખાય આપણે ત્યાં પણ મીરાંબાઈ,નરસિંહ મહેતા,ભક્ત પ્રહલાદ આવી જ ભક્તિ કરતા લોકો એમને ગાંડા કહેતા... પણ કેટલાય વર્ષોથી ભક્તિના જગતમાં એ લોકો આગળ છે ઉદાહરણ સ્વરૂપ છે. કોઈ એ કહ્યું છે ને ભક્તિ એ વીરપુરુષનું કામ છે એમાં કાયર માણસોને સ્થાન નથી. માટે જ ભક્તિની લગની જેને લાગી હોય તેને ડેન્ગ્યુ,ચીકન ગુનિયા,મેલેરિયા,વાઈરલ ઈન્ફેંશન, શરદી,ઉધરસને કઈ લાગતું વળગતું નથી. આપણે તો બસ કેતકી વાહ ભાઈ વાહ બોલતા રહેવું ભક્તિનો મહિમા ગાતા રહેવું અને આવતી નવરાત્રીની રાહ જોઈ બેસવું અને નવરાત્રી આવે એટલે ફરીથી નવરાત્રીમાં માતાજીની આરાધના કરવી. કેતન આખા વર્ષમાં ખાલી નવરાત્રીમાં જ માતાજીની ભક્તિ કરાય? ના, કેતકી એવું નથી ભક્તિ બારેમાસ કરવી જોઈએ જ્યાં સુધી આ શરીરમાં આત્મા છે ત્યાં સુધી ની દરેક પળે માતાજીની આરાધના કરતા રહેવું ... બોલો જય અંબે માતા કી જય...

# ભારતનાં કેટલા રાજ્યો આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે?

## ભારતની ભૂગોળ




(૧) લક્ષદ્વિપની રાજધાની કઈ છે ?
(અ) પણજી (બ) કાવરતી
(ક) સેલવાસ (ડ) દીવ

(૨) જાણીતી ફરાક્કા યોજના કયા રાજયમાં આવેલી છે?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) નાગાલેન્ડ
(ક) અસમ (ડ) પ.બંગાળ

(૩) નીચેનામાંથી કઈ યોજના ચંબલ નદી પર આવેલ છે?
(અ) કૃષ્ણાસાગર (બ) શ્રાવતી પરિયોજના
(ક) જવાહર સાગર (ડ) ઈન્દિરા સાગર

(૪) તાજેતરમાં કયા બંદરને તેરમા મહાબંદરનો દરજ્જો મળ્યો છે?
(અ) પોર્ટ બ્લેર (બ) કંડલા
(ક) વિશાખાપટ્ટનમ્ (ડ) મુંબઈ

(૫) પૂર્વઘાટ અને પશ્ચિમઘાટ કયા સ્થળે જોડી જાય છે?
(અ) દાર્જિલિંગ (બ) મહાબળેશ્વર
(ક) મસૂરી (ડ) ઉટી

(૬) પેંગોગ સરોવર કયાં આવેલું છે?
(અ) ભારત-પાકિસ્તાન સરહદે (બ) ભારત-ભૂતન સરહદે
(ક) ભારત-નેપાળ સરહતે (ડ) ભારત-ચીન સરહદે

(૭) ભારતનું દક્ષિણત્તમ બિંદુ કયું છે ?
(અ) વિવેકાનંદ સ્વામી પોઈન્ટ (બ) ઈંદિરા પોઈન્ટ્સ
(ક) રામેશ્વરમ્ પોઈન્ટ (ડ) રાજીવ પોઈન્ટ્

(૮) ભારતનો કયો પ્રદેશ 'સફેદ પાણી'ના નામથી ઓળખાય છે?
(અ) લડાખ (બ) સિયાચીન
(ક) પુંછ (ડ) કારગિલ

(૯) અલ્પાઈન યુગમાં કોનું નિર્માણ થયું હતું?
(અ) પૂર્વઘાટ (બ) પશ્ચિમઘાટ
(ક) હિમાલય (ડ) અરવલ્લી માળા

(૧૦) ભારતનાં કુલ કેટલા રાજયો આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે?
(અ) બાર (બ) ચૌદ
(ક) સોળ (ડ) અઢાર

(૧૧) મંદાકિની અને અલકનંદાનું સંગમ સ્થાન કયા સ્થળે છે?
(અ) રુદ્રપ્રયાગ (બ) વારાણસી
(ક) અલ્હાબાદ (ડ) ઋષિકેશ

(૧૨) ભારતનું સૌથી વધુ વનાચ્છાદિત રાજય કયું છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) હિમાચલ પ્રદેશ
(ક) ગુજરાત (ડ) મધ્યપ્રદેશ

(૧૩) જોજિલા અને બનિહાલ ઘાટ કયા રાજયમાં આવેલ છે?
(અ) હિમાચલ પ્રદેશ (બ) પંજાબ
(ક) ઉત્તરપ્રદેશ (ડ) જમ્મુ-કાશ્મીર

(૧૪) બેંગ્લોર ખાતે આવેલ ભારતનું સૌથી મોટો બુક હાઉસ કયો છે?
(અ) સપના બુક હાઉસ (બ) છાત્ર બુક હાઉસ
(ક) મંઝીલ બુક હાઉસ (ડ) વિદ્યાર્થી બુક ડીપો

(૧૫) ભારતનું પૂર્વમાં આવેલું સૌથી દૂરનું બિંદુ કયું છે.?
(અ) વ્યંકટેશ (બ) વાલાંગૂ
(ક) કોરલા (ડ) ઓમાંગૂ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૪ ઓક્ટોબર ૧૮૯૧ : સર જેમ્સ ગ્રે :** ઈંગ્લીશ જુઓલોજીસ્ટ. સજીવ પ્રાણીઓ અને તેના સેલ પર સંશોધન કરનાર
- **૧૪ ઓક્ટોબર ૧૮૫૮ : જહોન હટમાન લાઈ વોગટ :** નોર્વેના વતની તથા જુઓલોજીસ્ટ, ફીઝીકલ-કેમિકલ એનાલીલીસ મેથડ વિકસાવનાર
- **૧૫ ઓક્ટોબર ૧૯૦૫ : બરોન ચાર્લ્સ પ્રેસી :** ઈંગ્લીશ ભૌતિકસાસ્ત્રી તથા નોર્વે ગર્વમેન્ટમાં એડમિટ્રેટર હતા.
- **૧૫ ઓક્ટોબર ૧૯૮૭ : ચેસ્ટર આર. લોન્ગવેલ :** અમેરીકન જીઓલોજીસ્ટ, બોલ્ડર રીઝર્વીયર ફલ્ડ એરિયાનો અભ્યાસ કરનાર
- **૧૬ ઓક્ટોબર ૧૮૩૮ : અલ્ફ્ર્ડ એલીસ ટોર્નબોમ્હ :** સ્વીડીશ જીઓલોજીસ્ટ તથા માઉન્ટેઈન્ સ્ટ્રકચર સ્ટડી એનાલીસીસના પાયોનીયર
- **૧૬ ઓક્ટોબર ૧૮૦૩ : રોબર્ટ સ્ટેફન્સન :** ઈંગ્લીશ વિક્ટોરીયન સીવીલ, એન્જીનીયર, લોન્ગ સ્પાન રેઈલ-રોડ બ્રીઝ ડિઝાઈનર
- **૧૭ ઓક્ટોબર ૧૮૬૯ : રોબર્ટ વૂડવર્થ :** સાયકોલોજીસ્ટ, 'ડાયનેમીક સાયકોલોજી' સિસ્ટમ ડેવલપ કરનાર
- **૧૭ ઓક્ટોબર ૧૮૪૨ : મેગ્નસ ગુસ્ટફ રેત્ઝીયસ :** સ્વીડીસ એનાટોમીસ્ટ અને એન્થ્રોપોલોજીસ્ટ, ચેતાતંત્ર રચના કાર્યપદ્ધતિ પર સંશોધન કરનાર
- **૧૮ ઓક્ટોબર ૧૭૯૯ : ક્રિશ્ચિયન ફ્રીડરીચ સ્કોનબેઈન :** જર્મન-સ્વીઝ કેમિસ્ટ, ૧૮૪૦માં ઓઝોન વાયુની સોધ કરનાર.
- **૧૮ ઓક્ટોબર ૧૭૮૭ : રોબર્ટ લીવીંગ સ્ટોન સ્ટેવન્સ :** યુ.એસ. એન્જીનીયર, તથા શીપ ડિઝાઈનર, ટી-ટાઈપ રેલવે ટ્રેક તથા સ્પાઈક ડિઝાઈન કરનાર
- **૧૯ ઓક્ટોબર ૧૮૯૫ : લેવીસ મુમ્ફોર્ડ :** અમેરિકન આર્કીટેકચલ અર્બન પ્લાન્ટર, હ્યુમન સોસાયટી પર ટેકનોલોજીની શું અસર થશે? - તેના પર સંસોધન કરનાર
- **૧૯ ઓક્ટોબર ૧૮૮૧ : ફ્રેન્ચ જુઓલોજીસ્ટ :** 'સ્ટ્રેઈટ્રીગ્રાફી'ના શોધક. આલ્પાસ સ્ટ્રકચર પર સંસોધન કરનાર
- **૨૦ ઓક્ટોબર ૧૮૧૨ : ઔસ્ટીન ફ્લીન્ટ :** અમેરિકન ફીઝીશીયન, હાર્ટ - રિસર્ચના એમીનન્ટ ડૉકટર હતા.
- **૨૦ ઓક્ટોબર ૧૬૩૨ : સર ક્રિસ્ટોફર વ્રેન :** ઈંગ્લીશ આર્કીટેક, ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી. વિજ્ઞાનનાં વર્કીંગ મોડેલ બનાવનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ભારતીય સૈન્યના સર્વોચ્ચ આર્મી ચીફ કોણ છે ?**

**જવાબ : જનરલ દલબિર સિંગ સુહાગ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬ (૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૬) ધાર્મિક એસ. પટેલ : ધોળેશ્વર મહાદેવ પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગોવાના પૂર્વમુખ્યમંત્રી અને હાલમાં કેન્દ્રીય મંત્રી મનોહર પારિકર કયું મહત્ત્વનું ખાતું સંભાળે છે ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]
[illegible]